**સી.એમ.એ. નં. ૧૩/૨૦૨૬**
**એલ.એ.આર નં. – ૮૯૬/૨૦૧૦**

**આંક – ૦૧ લગત હુકમ**

(૧) આ કામના અરજદારોએ અરજીમાં જણાવેલ છે કે, એલ.એ.આર નંબર – ૮૯૬/૨૦૧૦ ના કામે થયેલ હુકમ મુજબની વળતરની રકમ સામાવાળાઓએ નામદાર કોર્ટમાં ચેકથી જમા કરાવેલ છે. જે જમા રકમ અરજદારને ચેકથી ચુકવી આપવા રજુઆત કરેલ છે. જે વળતરની રકમ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) અરજી બાબતે જરૂરી ખરાઇ કરીને **રજીસ્ટ્રારશ્રી/નાઝરશ્રી**એ કરેલ રીપોર્ટ મુજબ અરજીમાં જણાવ્યા મુજબના **એલ.એ.આર નંબર – ૮૯૬/૨૦૧૦ ના કેસમાં તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ સિવિલ ''સી'' રજીસ્ટ્રરની એન્ટ્રી નંબર – ૧૧૬ થી રકમ રૂા.૮૬,૭૯,૭૩૬/– (અંકે રૂપિયા છયાંશી લાખ અગણ્યાએંશી હજાર સાત સો છત્રીસ પુરા) જમા** હોવાનો રીપોર્ટ કરેલ છે તેમજ જમા રકમ **હાલ નેશનલાઇઝડ બેંકમાં ફીકસ ડીપોઝીટ** કરેલ હોવાનુ રીપોર્ટમાં જણાવેલ છે.

(૩) રેકર્ડ જોતાં આ કામના અરજદારોએ સંમતિ પત્ર રજુ કરી રજુઆત કરેલ છે કે, સદર અરજી મુજબની વળતરની રકમનો ચેક અરજદારો વતી **અરજદાર નં. ૧/૨ સુભાસભાઇ લલ્લુભાઇ સોલંકી નાઓના નામનો** વળતરની રકમનો ચેક આપવા રજુઆત કરેલ છે.

(૪) રેકર્ડ જોતાં સામાવાળા તરફે આંક – ૦૪ થી સરકારી વકીલ શ્રીનાઓ હાજર થયેલ છે. આ કામના સામાવાળા તરફે **આંક – ૦૫ થી કાર્યપાલક ઇજનેરશ્રી, સુજલામ સુફલામ સ્પ્રે. ચેનલ વિભાગ નં.૧, હિંમતનગર નાઓએ જવાબ રજુ કરી જણાવેલ છે કે,** સદર કામે અરજદારની વળતર અરજીના કામે જમા થયેલ રકમ અરજદારને ચુકવવામાં આવે તો તેઓને કોઇ વાંધો નથી.

(૫) અરજદારે અરજી અંગેની રજુઆતમાં જણાવેલ છે કે સદર અરજી અંશતઃ મંજુર થતાં સામાવાળા તરફે ઉપરોકત હુકમ મુજબની રકમ જમા થયેલ છે. **હાલના અરજદારો સિવાય કોઇ સદર મિલકતના રસ ધરાવનાર વ્યક્તિઓ નથી અને તેમાં અરજદારો સિવાય અન્ય કોઇનો**

**હક્ક હિસ્સો નથી અને ભવિષ્યમાં કોઈ કાનુની તકરાર ઉભી થાય તો તે અંગેની તમામ જવાબદારી તેઓની રહેશે તથા ફેસલ થયેલ કેસ અંગે હાલમાં કોઇ જ કાનુની કાર્યવાહી ચાલતી નથી.** અરજદારે વધુમાં રજુઆત કરેલ છે કે, જો તેઓની હાલની પેમેન્ટ અરજી મંજુર કરી વળતરની રકમ ચુકવવામાં આવે અને કોઇ વિશેષ રકમ ભુલથી ચુકવાયેલી હશે કે કોઇ ક્લેઇમ થાય તો તે રકમ નામદાર કોર્ટનો હુકમ થયેથી તુરંત જ તેઓ જમા કરાવી આપશે.

(૬) આમ, નાઝર/રજીસ્ટ્રારશ્રીના ઉપરોકત શેરા મુજબ રકમ જમા છે તથા આ અદાલત સમક્ષ રજુ થયેલ રેકર્ડ મુજબ તેમજ પક્ષકારોના વિ.વકીલશ્રીઓએ રજુઆત કર્યા મુજબ માંગવામાં આવેલ રકમ સંબંધી કોઇ અદાલતનો સદર રકમ ચુકવણી સંબંધે સ્ટે નથી. તેમજ, અન્ય સામાવાળા ધ્વારા કોઇ વાંધા લેવામાં આવેલ નથી. વધુમાં, સદર કામે મુળ બનાવ પણ ખુબ લાંબા સમય પહેલા બનેલ છે જેનુ વળતર અત્રેની અદાલતમાં માંગવામાં આવેલ હતુ જે વળતરનો હુકમ થયા બાદ પણ આ વળતરની રકમ અરજદારોને ચુકવવામાં ન આવે તો અરજદારોને અન્યાય થાય તેમ છે. જેથી યોગ્ય શરતોને આધીન રકમની ચુકવણી કરવી યોગ્ય અને ન્યાયોચિત જણાતુ હોઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) **દિવાની પરચુરણ અરજી નંબર – ૧૩/૨૦૨૬** ના કામે હાલની અરજી અનુસંધાને આ હુકમ થયેથી અરજદારોને મળવાપાત્ર રકમનો ચેક અરજદારો વતી **અરજદાર નંબર – ૧/૨ :- સુભાષભાઇ લલ્લુભાઇ સોલંકી** નાઓને રકમ **રૂા.૮૬,૭૯,૭૩૬/- (અંકે રૂપિયા છયાંશી લાખ અગણ્યાએંશી હજાર સાત સો છત્રીસ પુરા ) એફ.ડી.ના વ્યાજ સહીતની રકમ એકાઉન્ટ પે ચેક**થી ચુકવણુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) **આ અરજીના અરજદારોને ચુકવવાની રકમ અંગે અન્ય કોઇનો ભવિષ્યમાં કાનુની કલેઇમ મંજુર થાય તો અરજદારો આ રકમ પરત**

**આ કોર્ટમાં જમા કરાવવા બંધાયેલા રહેશે અને કોઇ વધારાની રકમ ચુકવાયેલ હોય તો પણ તેવી કપાત અત્રેથી કરેલ ન હોઇ ભવિષ્યમાં ઇન્કમટેક્ષ વિભાગ તરફથી જો આવી કોઇ રકમની માંગણી કરવામાં આવશે તો તે રકમ ભરપાઇ કરવાની જવાબદારી અરજદારની રહેશે.** તે શરતે **અરજદારને ફોટો ઓળખપત્ર અને પાસપોર્ટ સાઇઝનાં હાલના ફોટોગ્રાફસ રજુ કર્યેથી અરજદારોને ઉપર જણાવ્યા મુજબની રકમના એકાઉન્ટ પે ના ચેકથી ચુકવણુ કરવાનો આથી નાઝરશ્રીને હુકમ કરવામાં આવે છે**.

(૩) આ કામે કોર્ટની ફી રકમ બાબતે ભવિષ્યમાં જે કોઇ નિર્દેષ કરવામાં આવે તે અનુસાર અરજદારોએ જરૂરી કોર્ટ ફી નિયમ અનુસાર બિનચુક ભરવાની રહેશે.

આ હુકમ આજરોજ **તારીખ – ૦૮મી, માહે – જુલાઇ, સને – ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૮/૦૭/૨૦૨૬

**(વિજય ચંદુલાલ મકવાણા)**
**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ**
**બાયડ**
**કોડ નંબર – જીજે–૦૦૯૯૭**